# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર

**ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)**

## માહિતી અને જનસંપર્ક વિભાગ



Website : www.ayurveduniversity.edu.in Email : pro@ayurveduniversity.com ફોન : 0288-2556852


અખબારી યાદી નં.૩૧

વિષય:- "ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં બે દિવસની રાષ્ટ્રીય સ્તરની કાર્યશાળા "

જામનગરમાં આવેલ વિશ્વ વિખ્યાત ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંલગ્ન ઈન્સ્ટીટ્યુટ ફોર પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચિંગ એન્ડ રીસર્ચ ઈન આયુર્વેદ (આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ.) સંસ્થાના ૬૩ મા સ્થાપના દિન નિમિત્તે આગામી તા.૨૦-૨૧ જુલાઈ ના રોજ "રીસર્ચ મેથોડોલોજી એન્ડ સાઈન્ટીફિક રાઈટીંગ" વિષય પર બે દિવસની રાષ્ટ્રીય સ્તરની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ ડૉ સંજીવ ઓઝાના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ રાષ્ટ્રીય કાર્યશાળાના ઉદ્ઘાટન સમારંભ માં મુખ્ય અતિથી તરીકે કેન્દ્રસરકારનાં આયુષ વિભાગના સચિવશ્રી વૈદ્ય રાજેશ કોટેચા કે જેઓ આ યુનિવર્સિટીનાં ભૂતપૂર્વ કુલપતિ પણ રહી ચુક્યા ,છેએઓ ખાસ ઉપસ્થિત રહેશે. કેન્દ્રીય આયુર્વેદીય વિજ્ઞાન અનુસંધાન પરિષદ (સી.સી.આર.એ.એસ.)ના ડાયરેક્ટર જનરલ વૈદ્ય કરતારસિંધ ધીમાન આ સમારંભમાં અતિથી વિશેષ પદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત કાર્યશાળામાં દેશભરના આયુર્વેદ ક્ષેત્રના વિદ્વાનો શિક્ષકો અને વૈજ્ઞાનિકો ભાગ લેવા આવી રહ્યા છે. ઉદ્ઘાટન સમારંભમાં સંસ્થામાં છેલ્લા ૨૫ વર્ષોમાં થયેલ સંશોધનો ના ડેટાબેઝની સીડી. તથા સુવેનિયરનું વિમોચન કરવામાં આવશે

સ્થાપના દિન નિમિત્તે પ્રતિવર્ષ યોજવામાં આવતા "પી.એમ. મેહતા સ્મૃતિ વ્યાખ્યાન' અંતર્ગત આ વર્ષે ભારતના વિશ્વ પ્રસિદ્ધ કોમ્પ્યુટર વૈજ્ઞાનિક તેમજ નાલંદા યુનિવર્સિટીના ચાન્સેલર પદ્મભૂષણ પ્રોવિજય ભાટકરના પ્રવચનનું આયોજન કરવામાં આવેલ છે. પ્રો. ભાટકરના ભારતના પ્રથમ સુપર કોમ્પ્યુટર "પરમ" ના જનક છે તેમજ તે પછી "પરમ" શ્રેણીના તમામ સુપર કોમ્પ્યુટર પણ તેમણે જ વિકસિત કર્યા છે ભારતને સુપર કોમ્પ્યુટર દ્વારા વિશ્વના અગ્રણી દેશોની હરોળમાં મુકનાર આ સુપ્રસિદ્ધ વિદ્વાન જામનગર પ્રથમ વાર જ આવી રહ્યા છે. બે દિવસની રાષ્ટ્રીય સ્તરની કાર્યશાળામાં સમગ્ર દેશમાંથી આયુર્વેદ વિજ્ઞાનમાં સંશોધન સાથે જોડાયેલા લગભગ ૪૦૦ જેટલા શિક્ષકો, વિદ્યાર્થીઓ અને અન્ય ડેલીગેટ્સ ભાગ લઈ રહ્યા છે. સમગ્ર કાર્યક્રમમાં બનારસ, જયપૂર દિલ્હી, પૂના અને અન્ય શહેરોથી આયુર્વેદ સંશોધનો સાથે વર્ષોથી જોડાયેલા વૈજ્ઞાનિકોપ્રોફેસરો વક્તવ્યો આપશે. આ સમગ્ર આયોજન ને સફળ બનાવવા માટે આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ.ના ડાયરેક્ટર ડૉ. અનુપ ઠાકરના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફ જહેમત ઉઠાવી રહ્યો છે.

---

નં.આયુ/યુનિ/માહિતી/૨/૨૦૧૮-૧૯/ ૧૨૭૯ તારીખ :૧૮/૦૭/૨૦૧૮

પ્રતિ,

તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,

મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્તઅખબારીયાદીને પ્રકાશિત/કરવા વિનંતી.

આભાર સહ, આપનો વિશ્વાસુ,

( વૈદ્ય ધનંજય પટેલ )

ઈ.માહિતી અને જનસંપર્ક અધિકારી

નકલ રવાના:

1. સર્વે પ્રેસપ્રતિનિધિશ્રીઓ તરફ....ઇમેઇલ ધ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલબંગલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે)
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ...ઇમેઇલ ધ્વારા (આપના વિભાગમાં નોટીસબોર્ડમાં મૂકવાનીવિનંતી સૂચનાસાથે.)
   (૧) બોટાનિકલ ગાર્ડન (૨) પ્રેસ વિભાગ
4. પીપીએસ (આઇ.ટી) ટુ વીસી, કુલપતિશ્રી કાર્યાલય (વેબસાઇટ પર પ્રસારિત કરવાની સૂચનાસાથે)
5. તંત્રીશ્રી, ન્યૂઝલેટર, નિયામકશ્રી, આઈ.પી.જી.ટી એન્ડ આર. એ., જામનગર
6. તંત્રીશ્રી, ન્યૂઝફલેશ, આચાર્યશ્રી, આઇ.એ.પી.એસ , જામનગર
7. શ્રી એચ.પી. ઝાલા, IQAC, Co-ordinator.